પત્રિકા
૧૬૭

# ચિરાગે હિદાયત

૧૩/૦૭/૧૮
૨૮ શવ્વાલ

## આ અઠવાડિયાની મુનાસેબત

૨૯ શવ્વાલ : વિલાદતે હઝરત અબુતાલિબ(અ.સ.)

૦૧ ઝિલ્કાદ: વિલાદતે જનાબે માસુમાએ કુમ(સ.અ.)

## હઝરત અબુતાલિબ(અ.સ.)

હઝરત અબુતાલિબ(અ.સ.) ઈસ્લામના ઈતિહાસની એક એવી મઝલૂમ હસ્તી છે, જેઓ રસૂલેખુદા(સ.અ.વ.)ના ચાચા એટલે કે જનાબે અબ્દુલ્લાહ (હઝરત રસૂલુલ્લાહસ.અ.વ.ના પિતા)ના સગા ભાઈ અને મૌલા અલી(અ.સ.)ના વાલીદ છે. જેમના એહસાનાતનો ઝિક્ર ખુદ અલ્લાહે કુરઆને મજીદમાં સૂરએ ઝોહામાં કર્યો છે. મુસલમાનોનો અમુક સમૂહ તેમના ઈમાન ઉપર શક કરે છે.

અઝીઝો! આવો આ મહાન હસ્તી મોમીને કુરૈશના ઈમાનને જાહેર કરતા પ્રસંગો (દલીલો) અને આપ(અ.સ.)ના ઈમાન ઉપરના શકને રદ કરતી દલીલોને જોઈએ.

* *ઈમાનને જાહેર કરતી દલીલો :*

જનાબે અબુતાલિબ(અ.સ.)એ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની મોહબ્બતમાં સમગ્ર અરબસ્તાનને પોતાનું દુશ્મન બનાવી દીધું. અલ્લાહની હુજજત (હઝરત રસૂલેખુદાસ.અ.વ.)ની હિફાઝત, મદદ અને દીનની તબલીગમાં મદદ માટે હઝરત અબુતાલિબ(અ.સ.) હંમેશા તેમની સાથે જ રહેતા. જયારે કુફફારે કુરૈશ જનાબે અબુતાલિબ(અ.સ.) પાસે આવતા અને કહેતા કે તમારા ભત્રીજાને દીને ઈસ્લામની તબલીગની મના કરો, નહી તો અમે તેમના ઉપર સખ્તાઈ કરીશું, ઝુલ્મ કરીશું તો આપ(અ.સ.) તેઓને કહેતા કે **''ખુદાની કસમ! જયાં સુધી મને ઝમીનની અંદર દફન કરી દેવામાં ન આવે, કુરૈશ પોતાની જમાઅત સાથે રસૂલલ્લાહ(સ.અ.વ.)ની નજીક ફરકી નહી શકે.''**

ત્યારબાદ આપ(અ.સ.) હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને કહેતા કે **"ભત્રીજા! બેખૌફ થઈને અલ્લાહના એહકામ વર્ણવો અને ખુશમિજાજ રહીને આપની આંખોને ઠંડી રાખો."**

**"આપ દાવતે ઈસ્લામમાં લાગેલા રહો, આપ ઈન્સાનોનું ભલું ઈચ્છનાર છો અને અમીન પણ છો."**

**"મને યકીન છે કે હઝરત મોહમ્મદ(સ.અ.વ.)નો દીન દુનિયાના તમામ દીનોથી બહેતર છે."** *(એહલેસુન્નત ઈતિહાસ તારીખે ઈબ્ને કસીર, પે.૪૨, ચે.૩)*

જનાબે અબુતાલિબ(અ.સ.)ના આ ફરમાનો તેમના દીને ઈસ્લામ ઉપરના ઈમાન અને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ઉપર યકીનને જાહેર કરે છે. એટલું જ નહી, આપ(અ.સ.)એ પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.) માટે જે કુરબાનીઓ આપી છે. જેમાં શેબે અબુતાલિબમાં જનાબે અબુતાલિબ, બની હાશીમ સાથે પોતાના બાલ-બચ્ચાઓ સહીત કૈદ રહ્યા, ભૂખ સહન કરી, અત્યાચારો સહન કર્યા પણ વફાદારીને છોડી નહી.

જનાબે અબુતાલિબ(અ.સ.)ને જયારે પણ દુશ્મનોનો ખૌફ લાગતો કે તેઓ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને કત્લ કરવા ઓચિંતો હુમલો કરશે, તો આપ આખી આખી રાત જાગતા અને હઝરત રસૂલુલ્લાહ(સ.અ.વ.)ને જગાડીને તેમની જગ્યા બદલી કરી તેમની જગ્યાએ પોતાના દિકરાને સુવરાવી દેતા. જેથી અલ્લાહના રસૂલને ઈજા ન પહોંચે.

આવા મોમીને કુરૈશ કે જેણે નબુવ્વત અને અલ્લાહની હુજ્જતની હિફાઝત કરી અને અમુક લોકોએ તેમને જ માઝલ્લાહ મુશરીક કહ્યા.

* ***આ આરોપને રદ કરતી દલીલો :***

૧) ઈમામ ઝયનુલ આબેદીન(અ.સ.)ને કોઈએ પૂછયું કે "કેટલાક લોકો હઝરત અબુતાલીબ(અ.સ.)ના બારામાં શક કરે છે, આપ(અ.સ.) આ બાબતે શું ફરમાવો છો?

ઈમામ(અ.સ.)એ ઈરશાદ ફરમાવ્યું "મને આશ્ચર્ય થાય છે કે અલ્લાહે તો હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને આ હુકમ આપ્યો કે તેઓ કોઈ મુસલમાન ઔરતને કાફિરના નિકાહમાં ન રહેવા દે અને જનાબે ફાતેમા બિન્તે અસદ ઈસ્લામમાં સૌથી અગાઉ ઈમાન લાવનાર સ્ત્રીઓમાંથી છે. તેઓ હઝરત અબુતાલિબ(અ.સ.)ના ઈન્તેકાલ સુધી તેમના નિકાહમાં રહ્યા." *(શર્હે ઈબ્ને અબીલ હદીદ, ભા.૩, પે.૩૧૨)*

૨) અલ્લાહે હઝરત અબુતાલિબ(અ.સ.)ને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની પરવરીશ સોંપી, તે કુરઆનની આયત સૂરએ ઝોહામાં બતાવે છે. તો શું જે અલ્લાહ હિકમતવાળો છે તે તેમના પયગંબર(સ.અ.વ.)ને કોઈ મુશરીકના હાથોમાં સોપી શકે?

૩) જનાબે અબુતાલિબ(અ.સ.)એ ન ફક્ત તેમની પરવરીશ કરી છે બલ્કે પયગંબર(સ.અ.વ.)ના નિકાહ જનાબે ખદીજા સાથે કરાવ્યા અને તેનો તમામ ઈન્તેઝામ તેમણે કર્યો અને નિકાહનો ખુત્બો પણ જનાબે અબુતાલિબ(અ.સ.)એ જ પડયો હતો.

* *ખુત્બાનો અમુક ભાગ :*

**તમામ તાઅરીફ તે અલ્લાહના માટે છે કે જેણે અમને હઝરત ઈબ્રાહિમ(અ.સ.)ના વંશજમાં અને ઈસ્માઈલ(અ.સ.)ના વંશજમાં શ્રેષ્ઠ અને નમ્ર ખાનદાનમાં પૈદા કર્યા અને પોતાના ઘરના રક્ષક બનાવ્યા. અમે હરમે ખુદાના રખેવાળ છીએ, જેને અમારા માટે હજનું સ્થળ અને અમનની જગ્યા બનાવી છે, અમને લોકોના હાકીમ બનાવ્યા છે, આ મારા ભત્રીજા મોહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ છે, જો કોઈની સાથે પણ તેમની તુલના કરવામાં આવશે તો આમનું જ પલ્લું ભારે રહેશે. ખુદાની કસમ! તેમનાથી એક ખુદાઈ સંદેશની જાહેરાત થશે.**

આ ખુત્બામાં આપ(અ.સ.)નું ઈમાન અને અલ્લાહ તેમજ તેમના રસૂલ ઉપર યકીન આપ(અ.સ.)ને મુશરીક કહેવાવાળાઓ ઉપર એક સચોટ દલીલ રજુ કરે છે.

૪) ઈમામ બાકિર(અ.સ.)નો ઈરશાદ છે "હઝરત અબુતાલિબ ઈબ્ને અબ્દુલ મુત્તલીબ દુનિયાથી મુસ્લીમ અને મોમીન હોવાની હાલતમાં ઉઠયા."

આ તમામ હદીસો અને રિવાયતોને જાણ્યા બાદ જે લોકો જનાબે અબુતાલિબ(અ.સ.)ના ઈમાન ઉપર શક કરે છે. તેઓ પહેલા પોતાના ઈમાન ઉપર શક કરે અને તેની તપાસ કરે અને તેઓ પોતાનાથી સવાલ કરે કે જેને અલ્લાહ નાસીરો, મદદગાર કહે એવા નબુવ્વત અને દીનના મોહાફીઝ શું કાફિર હોઈ શકે અને શું તેમનું સ્થાન જહન્નમમાં હોઈ શકે?! જયારે કે અલ્લાહ તઆલા કુરઆનમાં ફરમાવે છે **"હલ જઝાઉલ એહસાને ઈલ્લલ એહસાન"** શું અલ્લાહ તેમની કુરબાનીઓનો અજ જહન્નમ આપી શકે? અક્કલ ધરાવનારાઓ કયારેય પણ આ વાતને નહી સ્વીકારે.

હઝરત અલી(અ.સ.)એ ફરમાવ્યું **"ખુદાની કસમ! અબુતાલિબ અબ્દે મુનાફ બિન અબ્દુલ મુત્તલીબ મુસલમાન અને મોમીન હતા, પણ બની હાશીમની ખાતર પોતાના ઈમાનને છુપાવતા હતા. જેથી કુરૈશ તેમની ખુલ્લમ ખુલ્લા મુખાલેફત ન કરે."**

*(વસાએલુશ શિઆ)*

## વિલાદતે માસુમા-એ-કુમ(સ.અ.)

જનાબે ફાતેમા (માસુમા-એ-કુમ) બિન્તે ઈમામ મુસએ કાઝીમ(અ.સ.)નો રોઝો કુમ શહેર, ઈરાનમાં છે, જયાં લોકો ઝિયારત માટે જાય છે અને તેમના રોઝા ઉપર તેમની મુરાદો અને હાજતોને મેળવે છે.

ઈમામ રઝા(અ.સ.) ફરમાવે છે "જે કોઈ સય્યદા (માસુમા-એ-કુમ)ની ઝિયારત કરે એ હાલતમાં કે તેમના હકકોથી વાકીફ હોય તો તેના માટે જન્નત છે."

હદીસમાં જોવા મળે છે કે જેને જનાબે ઝહેરા(સ.અ.)ની કબ્રની ઝિયારત કરવી હોય, તે જનાબે માસુમા-એ-કુમ(સ.અ.)ના રોઝાની ઝિયારત કરે.

આવો! આપણે અલ્લાહ પાસે જનાબે માસુમા-એ-કુમ(સ.અ.)નો વાસ્તો આપીને દુઆ કરીએ કે આપણને બધાને તેમની ઝિયારત નસીબ કરે અને તેમના સદકામાં ઈમામ(અ.સ.)નો જલ્દી ઝહુર કરે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com